શ્રી કે આર કટારા આર્ટસ કોલેજ, શામળાજી

M A Sem - 4

Subject - Sociology P. No - C C - 404/406

(Urban Society of India)

**નીચે આપેલ પ્રશ્નો માટે સાચો વિકલ્પ પસંદ કરો.**

1) ભારતમાં નગરના સામાજિક - આર્થિક સર્વેક્ષણોના પ્રણેતા કોણ છે?

(અ) ડી આર ગાડગીલ (બ) આર કે મુકરજી (ક) ડી એન મજમુદાર (ડ) વિકટર ડીસોઝા

2) ચંદીગઢ શહેરનો અભ્યાસ કયા વિદ્વાને કર્યો છે?

(અ) ડી આર ગાડગીલ (બ) આર કે મુકરજી (ક) ડી એન મજમુદાર (ડ) વિકટર ડીસોઝા

3) કાનપુર શહેરના સામાજિક સંગઠનનો અભ્યાસ કોણે કર્યો?

(અ) ડી આર ગાડગીલ (બ) આર કે મુકરજી (ક) ડી એન મજમુદાર (ડ) વિકટર ડીસોઝા

4) રાંચી નગરનો અભ્યાસ કોણે કર્યો છે?

(અ) એલ પી વિદ્યાર્થી (બ) આર કે મુકરજી (ક) ડી એન મજમુદાર (ડ) વિકટર ડીસોઝા

5) નગરની વિશિષ્ટ જીવનશૈલીને શું કહેવાય?

(અ) સામાજિક સંગઠન (બ) સામાજિક સ્તરરચના (ક) નગરીકરણ (ડ) નગરવાદ

6) નગરના ઉદ્દભવ અને વિકાસની, ગામડાનું નગરમાં રૂપાંતર પામવાની અને ગામડામાંથી શહેરમાં સ્થળાંતર થવાની પ્રક્રિયાને શું કહેવાય?

(અ) સામાજિક સંગઠન (બ) સામાજિક સ્તરરચના (ક) નગરીકરણ (ડ) નગરવાદ

7) કોના મતે ભારતમાં ગ્રામીણ સમાજશાસ્ત્ર અને નગર સમાજશાસ્ત્ર જેવો ભેદ પાડવો તે અર્થપૂર્ણ નથી?

(અ) પ્રો. રાવ (બ) એલ પણ વિદ્યાર્થી (ક) પોકોક (ડ) વિકટર ડીસોઝા

8) નગરોની સમસ્યાઓના ઉકેલ માટેની નીતિના ઘડતરમાં કોણ ખૂબજ અગત્ય ધરાવે છે?

(અ) નગરના કાર્યો (બ) નગર આયોજન (ક) નગર વ્યવસ્થા (ડ) ગંદા વસવાટો

9) નગરના ત્રણ ચાવીરૂપ લક્ષણો કોણે દર્શાવ્યા છે?

(અ) પ્રો. રાવ (બ) એલ પણ વિદ્યાર્થી (ક) પોકોક (ડ) લુઈ વર્થ

10) યંત્રવત્ જીવન એ કોની લાક્ષણિકતા છે?

(અ) ગામડાની (બ) જ્ઞાતિની (ક) સમાજની (ડ) શહેરની

11) ભારતનું સૌથી મોટું મહાનગર કયું છે?

(અ) કલકત્તા (બ) દિલ્હી (ક) મુંબઈ (ડ) ચેન્નઈ

12) માનવ પરિસ્થિતિશાસ્ત્રના પ્રણેતા કોણ છે?

(અ) પાર્ક અને બર્ગેસ (બ) હરિશ દોશી (ક) આયર અને જોન્સ (ડ) લુઈ વર્થ

13) શિકાગો નગરનો પરિસ્થિતિશાસ્ત્રીય અભ્યાસ કોણે કર્યો?

(અ) બર્ગેસ (બ) પાર્ક (ક) હરિશ દોશી (ડ) લુઈ વર્થ

14) કેન્દ્રસ્થી વિસ્તારનો સિધ્ધાંત કોણે આપ્યો?

(અ) પાર્ક (બ) હરિશ દોશી (ક) લુઈ વર્થ (ડ) અર્નેસ્ટ બર્ગેસ

15) કેન્દ્રસ્થી વિસ્તારના સિધ્ધાંત મુજબ નગરના કેટલા કેન્દ્રસ્થી વિસ્તાર હોય છે?

(અ) સાત (બ) છ (ક) પાંચ (ડ) ચાર

16) ધ ગ્રોથ ઓફ સીટી નામનો લેખ કોણે લખ્યો?

(અ) પાર્ક (બ) અર્નેસ્ટ બર્ગેસ (ક) લુઈ વર્થ (ડ) પોકોક

17) માનવ પરિસ્થિતિશાસ્ત્રીય દ્રષ્ટિબિંદુથી નગરને જોવું અને સમજવું તેને નગર સમાજશાસ્ત્રનો કયો અભિગમ કહેવાય?

(અ) વિઘટન (બ) નગરીય (ક)સેકટર (ડ) ઈકોલોજીકલ

18) નગરનો વિકાસ વર્તુળાકાર હોતો નથી - એવું કોણે કહ્યું છે?

(અ) બર્ગેસ (બ) લુઈ વર્થ (ક) પાર્ક (ડ) હોમર હોયટ

19) નગર વિકાસને લગતો સેકટર સિધ્ધાંત કોણે પ્રસ્તુત કર્યો છે?

(અ) લુઈ વર્થ (બ) પાર્ક (ક) હોમર હોયટ (ડ) બર્ગેસ

20) નગરની ભૌતિક રચનાના વિભાગ કે ક્ષેત્ર માટે Sector શબ્દ કોણે પ્રયોજયો છે?

(અ) લુઈ વર્થ (બ) પાર્ક (ક) હોમર હોયટ (ડ) બર્ગેસ

21) નગરની ભૌતિક રચનાના વિભાગ કે ક્ષેત્ર માટે Zone શબ્દ કોણે પ્રયોજયો છે?

(અ) બર્ગેસ (બ) લુઈ વર્થ (ક) પાર્ક (ડ) હોમર હોયટ

22) 25 હજારથી વધુ વસ્તીવાળા સમુદાયને કયા નામે ઓળખવામાં આવે છે?

(અ) નગર (બ) કસબા (ક) મહાનગર (ડ) મેગા સિટી

23) વસ્તીના કદના પાયા પર નગરોના કેટલા પ્રકાર છે?

(અ) સાત (બ) છ (ક) પાંચ (ડ) ચાર

24) 10 લાખથી વધુ વસ્તીવાળા નગરોને કયા નામે ઓળખવામાં આવે છે!

(અ) શહેર (બ) મહાનગર (ક) કસબા (ડ) નગર

25) વહીવટી પાયા પર નગરોના પ્રકાર કેટલા છે?

(અ) ત્રણ (બ) ચાર (ક) પાંચ (ડ) છ

26) હરદ્વાર એ કયું શહેર છે?

(અ) ધાર્મિક (બ) ઔદ્યોગિક (ક) વહીવટી (ડ) ખનિજ

27) ગાંધીનગર એ કયા રાજયનું પાટનગર છે?

(અ) મહારાષ્ટ્ર (બ) રાજસ્થાન (ક) ગુજરાત (ડ) ગોવા

28) નીચેનામાંથી ઔદ્યોગિક શહેર કયું છે?

(અ) હરદ્વાર (બ) ધનબાદ (ક) સુરત (ડ) તક્ષશિલા

29) નીચેનામાંથી ખનિજ શહેર કયું છે?

(અ) હરદ્વાર (બ) ધનબાદ (ક) સુરત (ડ) તક્ષશિલા

30) ગુજરાતમાં આવેલુ અતુલ એ કયુ શહેર છે?

(અ) ધાર્મિક (બ) ઔદ્યોગિક (ક) વહીવટી (ડ) ખનિજ

31) જે શહેરનો ઉદ્દભવ અમુક ઉદ્યોગના વિકાસને લીધે થયો હોય તેવા શહેરને કયું શહેર કહેવાય?

(અ) ધાર્મિક (બ) વહીવટી (ક) ખનિજ (ડ) ઔદ્યોગિક

32) કોના મતે નગરીકરણ વસ્તીનું કેન્દ્રીકરણ સૂચવતો ખ્યાલ છે?

(અ) બર્ગેલ (બ) એમ એસ ગોર (ક) આશિષ બોઝ (ડ) એલ્ડરીજ

33) ભિલાઈ અને રૂરકેલામાં શેના કારખાના સ્થપાયા છે?

(અ) ખનિજ (બ) કાપડ (ક) લોખંડ (ડ) ખાતર

34) 2011માં એક લાખથી વધુ વસ્તીવાળા શહેરોની સંખ્યા કેટલી હતી?

(અ) 268 (બ) 368 (ક) 468 (ડ) 568

35) 1971માં ભારતમાં નગરોની સંખ્યા કેટલી હતી?

(અ) 2590 (બ) 2690 (ક) 2790 (ડ) 2890

36) 1951માં એક લાખથી વધુ વસ્તીવાળા શહેરોની સંખ્યા કેટલી હતી?

(અ) 71 (બ) 72 (ક) 75 (ડ) 76

37) ગુજરાતમાં 10 લાખથી વધુ વસ્તીવાળા કેટલાં શહેરો છે?

(અ) બે (બ) ત્રણ (ક) પાંચ (ડ) ચાર

38) 2011માં ભારતમાં મેગાસિટીની સંખ્યા કેટલી થઈ?

(અ) 25 (બ) 35 (ક) 45 (ડ) 55

39) માનવસંચાલિત ઉત્પાદનના સાધનોની જગ્યાએ યંત્રસંચાલિત સાધનોનો ઉપયોગ એટલે શું?

(અ) પશ્ચિમીકરણ (બ) ઉદ્યોગીકરણ (ક) સંસ્કૃતિકરણ (ડ) આધુનિકીકરણ

40) નગરીકરણનું ચાવીરૂપ કારણ શું છે!

(અ) સ્થળાંતર (બ) બેકારી (ક) ગરીબી (ડ) શિક્ષણ

41) પશ્ચિમી વિદ્વાનોએ ભારતમાં નગરીકરણને કયા નામે ઓળખાવ્યું છે?

(અ) ઉદ્યોગીકરણ  (બ) પશ્ચિમીકરણ (ક) સંસ્કૃતિકરણ (ડ) અતિનગરીકરણ

42) નગરમાં વસવાટ કરતી વ્યકિતઓના વધતા જતા દરને સૂચિત કરવા માટે નગરીકરણ શબ્દ કોણે પ્રયોજ્યો છે?

(અ) એલ્ડરીજ (બ) બર્ગેલ (ક) એમ એસ ગોર (ડ) આશિષ બોઝ

43) ગંદા વસવાટો એ પ્રાથમિક રીતે કોની રહેઠાણોની સમસ્યા સૂચવતો ખ્યાલ છે?

(અ) ગ્રામીણો (બ) શ્રીમંતો (ક) ગરીબો (ડ) એક પણ નહીં

44) 2001 ના અંદાજ પ્રમાણે ભારતમાં નગર વિસ્તારોમાં કેટલી વસ્તી ગંદા વસવાટોમાં જીવન જીવે છે?

(અ) 51.8 મિલિયન (બ) 61.8 મિલિયન (ક) 71.8 મિલિયન (ડ) 81.8 મિલિયન

45) ગંદા વસવાટ વિસ્તારોની સુધારણા અને નાબુદીને લગતો કાયદો કયારે અમલમાં મૂકવામાં આવ્યો?

(અ) 1956 (બ) 1957 (ક) 1958 (ડ) 1959

46) રાજીવ આવાસ યોજના અમલમાં મૂકવાની જાહેરાત કયારે થઈ?

(અ) 2006 (બ) 2007 (ક) 2008 (ડ) 2009

47) ભારદ્વાજે ગુનાના કેટલા પ્રકાર દર્શાવ્યા છે?

(અ) બે (બ) ત્રણ (ક) ચાર (ડ) પાંચ

48) નીચેનામાંથી વ્હાઈટ કોલર ક્રાઈમ કયો છે?

(અ) ખૂન (બ) લાંચરૂશ્વત (ક) ચોરી (ડ) બળાત્કાર

49) નીચેનામાંથી બ્લ્યુ કોલર ક્રાઈમ કયો છે?

(અ) લાંચરૂશ્વત (બ) કરચોરી (ક) ખૂન (ડ) કાળાબજાર

50) નીચેનામાંથી મિલકત વિરૂધ્ધનો ગુનો કયો છે?

(અ) ખૂન (બ) અપહરણ (ક) બળાત્કાર (ડ) લૂંટફાટ